હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનું પાક્ષિક વૃત્તપત્ર

# ઉદીચ્ય

સળંગ અંક : ૭૨૦, વર્ષ : ૩૧
અંક : ૧૮ સપ્ટેમ્બર–૧૬, ૨૦૧૮

HNGU
HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN
Re-Accredited "A" 3.02 CGPA by NAAC

સૌજન્ય : શ્રી સિધ્ધહેમ પ્રકાશન નિધિ : શ્રી ભોગીલાલ લહેરચંદ કૌટુંબિક ટ્રસ્ટ તથા શ્રી પાટણ જૈનમંડળ, મુંબઈ

"In every line of life, we are all students, some have to go to regular schools, others have to learn in their offices, some in failure and some in success. In every moment of our life, we are studying something, and it would be a great mistake for any individual to think that the life of the student is over when he has attained a certain age or a certain success in life."

**Excerpted from a speech of Maharaja Sayajirao Gaekwad-III**

## આદિવચન

**પ્રિય વાચક મિત્રો,**

સુશાસન (Good Governance) ના મૂળભુત સિધ્ધાંતો આપણને મહાભારત કાળથી ગ્રંથસ્થ રૂપે મળી આવે છે. મહાભારતના 'ઉદ્યોગપર્વ'માં મહારાજા ધૃતરાષ્ટ્રને ઉપદેશ સચિવશ્રી વિદુરજી દ્વારા અપાયો. વિદુરનીતિમાં સુશાસનના સૂત્રોનું વર્ણન છે. બીજો પ્રસંગ 'શાન્તિપર્વ'નો છે. ભીષ્મ પિતામહ મૃત્યુની રાહ જોતા બાણશૈયા પર સૂતા છે. શ્રીકૃષ્ણની પ્રેરણાથી યુધિષ્ઠિર અંતિમ સમયે ઉપદેશની યાચના કરતાં ભીષ્મ પિતામહ રાજધર્મ અંગે ઉપદેશ આપી સુશાસનના મૂળભૂત સિધ્ધાન્તો સમજાવે છે જેથી સમગ્ર રાજ્યમાં શાન્તિ પ્રસરે તથા વિકાસ થાય.

એક સચિવ (દીવાન) દ્વારા કોઈ રાજવીને પ્રશિક્ષિત કરવામાં આવ્યા હોય તેવી ઘટના ગુજરાતના ગાયકવાડ રાજ્યમાં પણ બનેલી છે જેના વિશે આજના આ અંકમાં દિશાનિર્દેશ કરવો છે.

મલ્હારરાવ ગાયકવાડને પદભ્રષ્ટ કર્યા પછી વડોદરાની રાજગાદી પર શ્રીમંત ખંડેરાવ મહારાજાને પુત્ર ન હોઈ, વિધવા મહારાણી જમનાબાઈ ગાયકવાડ પોતાના કુટુંબમાંથી પોતાની ઈચ્છા મુજબ લાયક દત્તક પુત્ર લઈ રાજગાદી સોંપે તેવી સહમતી મળી. મહારાણી જમનાબાઈ દ્વારા મહારાષ્ટ્રના નાસિક જિલ્લાના કવલાણા ગામના શ્રીમંત કાશીરાવ ગાયકવાડના ત્રણ પુત્રોને વડોદરા બોલાવવામાં આવ્યા. જ્યારે ત્રણે યુવકોને પુછવામાં આવ્યું કે તેઓ શા માટે વડોદરા આવ્યા છે ત્યારે બીજા નંબરના પુત્ર ગોપાલરાવે અચકાયા વગર પ્રત્યુત્તર આપ્યો કે – ''હું અહીંયા શાસન કરવા આવ્યો છું.'' ૧૧મી માર્ચ ૧૮૬૩ના રોજ જન્મેલ ગોપાલરાવને બાર વર્ષની ઉંમરે ૨૭ મે ૧૮૭૫ના રોજ શુભ દિવસે દત્તક લેવામાં આવ્યા. સયાજીરાવ બિલકુલ નિરક્ષર હતા. તેમને લખતાં કે વાંચતાં આવડતું ન હતું. રેસિડન્ટ મીડ અને દિવાન સર ટી. માધવરાવે તેમને ભણાવવાની યોજના કરી. માત્ર છ વર્ષના ટૂંકા ગળામાં તેમણે અંગ્રેજી, ગુજરાતી, મરાઠી અને ઉર્દુ એમ ચાર ભાષાઓ શીખી લીધી. મહારાજ સયાજીરાવ (ત્રીજા) ગાયકવાડે ઓગણીસમા વર્ષે રાજકારભાર હાથમાં લીધો અને એક જાહેરનામું બહાર પાડીને પ્રજાને 'સુરાજ્ય' મળશે તેવું વચન આપ્યું હતું.

મહારાજા દ્વારા વડોદરા રાજ્યને પાંચ વિભાગોમાં વહેંચી રાજ્યની સુખાકારીમાં વધારો કરી તે સમયના રાજ્યોમાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું. કડી (મહેસાણા) પ્રાંત, નવસારી પ્રાંત, વડોદરા પ્રાંત, અમરેલી પ્રાત અને ઓખા મંડળ એમ પાંચ પ્રાંતો હતા. મહારાજા વિવિધ પ્રાંતોની મુલાકાત લેતા. ૬ઠી માર્ચ ૧૯૧૧ની કડી પ્રાંતની મુલાકાત સમયે પાટણ આવી પાટણમાં વૉટર વર્કસનો પાયો નાંખ્યો હતો. ઈ.સ. ૧૯૧૩માં પાટણમાં 'બાલાભાઈ કલબ'નો પાયો તેમના હસ્તે કરવામાં આવ્યો હતો તથા તેના મકાનનું ઉદ્‌ઘાટન ૧૯ જાન્યુઆરી ૧૯૧૫ના રોજ કરવામાં આવ્યું હતું. ૨૦મી જાન્યુઆરી ૧૯૧૫ના રોજ શેઠશ્રી કિલાચંદ દેવચંદ દ્વારા ઉદાર સખાવત આપી તેમના માતુશ્રીના નામે જ્ઞાનબાઈ પ્રસુતિ ગૃહનો શીલાન્યાસ કર્યો હતો. મહેસાણા પ્રાન્તના કડી સર્વ વિદ્યાલય, વિસનગરની શેઠ શ્રી મણીભાઈ ગોકળચંદ હાઈસ્કૂલ જેવી સંસ્થાઓની મુલાકાત લીધેલ હતી. મહારાજા સયાજીરાવ ગાયકવાડ (ત્રીજા)એ અનેક શૈક્ષણિક અને સામાજિક સુધારા દાખલ કર્યા હતા. તમામ પ્રાંતોમાં મફત અને ફરજીયાત પ્રાથમિક શિક્ષણ, ગુજરાતી માધ્યમમાં શિક્ષણ, સ્ત્રી શિક્ષણ, ખેતી વિષયક સુધારા તથા સુશાસન દાખલ કર્યું. પછાતવર્ગોને પ્રતિનિધિત્વ આપનાર મહારાજાની આપણને મળેલ ભેટ બાબાસાહેબ આંબેડકર છે.

મહારાષ્ટ્રના નાનકડા ૧૦૦થી ૧૫૦ ઘરની વસ્તી ધરાવતા બિલકુલ નિરક્ષર અને ખેતી કરતા પરિવારમાંથી આવેલ ગોપાળરાવ (મૂળ નામ) એક પ્રગતિશીલ રાજવી બન્યા તેના મૂળમાં તેમનું ઘડતર કરનાર દીવાન સર ટી. માધવરાવને યાદ કરવા રહ્યા. સર તાન્જાવુરકર માધવરાવને ખાસ તાલીમ માટે વડોદરાના દિવાન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. અગાઉ તેઓએ ત્રાવણકોર રાજ્યના દિવાન (૧૮૫૭ થી ૧૮૭૨) તરીકે કામગીરી કરેલ. ત્યારબાદ, ઈન્દોર રાજ્યના દિવાન તરીકે (૧૮૭૩ થી ૧૮૭૫) રહ્યા હતા. વડોદરા રાજ્યમાં તેમણે ૧૮૭૫ થી ૧૮૮૫ સુધી દીવાન તરીકે, ખાસ કરીને, મહારાજાને રાજધર્મના પાઠો શીખવવા તથા તાલીમ આપવા રાખવામાં આવ્યા હતા. સર ટી. માધવરાવે મહારાજાને શીખવેલ 'શાસનસૂત્રો' નોંધના સ્વરૂપે સચવાયેલા હતા. આ નોંધોને એકત્રિત કરી મહારાજા દ્વારા Lectures Delivered to The Maharaja Gaekwad Sayaji Rao III by Raja Sir T. Madhava Rao, બ્રિટીશ ઈન્ડિયા પ્રેસ, મુંબઈ દ્વારા વર્ષ ૧૮૮૧માં પુસ્તક સ્વરૂપે પ્રકાશન કરવામાં આવ્યું. પુસ્તકનું નામ છે "Minor Hints". સુશાસન માટે આજના સંદર્ભમાં વહીવટ સાથે સંકળાયેલ તમામ માટે ફરજીયાતપણે વાંચવા તથા વહેવારમાં મૂકવા માટે 'બાઈબલ' સમાન આ ગ્રંથ છે. આપણા પ્રથમ કુલપતિશ્રી કે.પી. યાજ્ઞિક, વડોદરાના કલેકટર હતા તે સમયે Minor Hintsનો અનુવાદ ગુજરાતીમાં તેમના માર્ગદર્શન હેઠળ થયો. ગુજરાતી ગ્રંથનું નામ છે – શાસનસૂત્રો. વહીવટીય આવડત અને પ્રોટોકોલ (શિષ્ટાચાર) અંગેની તાલીમ સર ટી. માધવરાવે આપેલી તેની નોંધોને કુલ ૪૬ પ્રકરણોમાં વર્ણવવામાં આવેલા છે.

વહીવટી નિર્ણય પ્રક્રિયામાં ભાગ લેનાર સંસ્થાના વડા, સંચાલકો, આચાર્યો, કુલસચિવ થી કુલપતિ સુધીના ઉપરી અધિકારીઓ આ

તમામને 'માઈનોર હિન્ટસ'માં દર્શાવેલ બાબતો લાગુ પડે છે. મૂળે, રાજાના પદ માટે તૈયાર કરવાના ઉદ્દેશથી આપેલ સૂત્રો આજના સંદર્ભે રાજ્યના કલેકટર અને ઉપરી અધિકારીઓને તેમજ પ્રધાનો, મુખ્યમંત્રી કે વડાપ્રધાન તમામને લાગુ પડે તેવી સાર્વત્રિક (Pervasive) છે. જાહેર જીવનમાં કામ કરતી, સત્તા સ્થાને બેસી, નિર્ણય પ્રક્રિયામાં ભાગ લેનાર તમામે આ સૂત્રો આત્મસાત્ કરવા જેવા છે.

૮મી જૂન, ૧૮૮૧થી ૭મી ડિસેમ્બર, ૧૮૮૧ સર ટી. માધવરાવની નોંધોને કુલ ૨૫ (પચ્ચીસ) પ્રકરણોમાં મૂકવામાં આવી છે. આમાં મહારાજાએ આદર્શ રાજવી બનવા ધ્યાનમાં રાખવાની બાબતો અંગે નિર્દેશ કરવામાં આવ્યો છે. વહીવટ સાથે સંકળાયેલ તમામે આ બાબતો અંગે વિશદ્ ચિંતન કરવા જેવું છે. જેમ કે બીજા પ્રકરણમાં રાજાએ અંગત પત્રવ્યવહાર ન કરવો, તમામ પત્રવ્યવહારના રેકોર્ડની નિભાવણી કરવી તથા નાનામાં નાની બાબતો પણ નિભાવવી. પત્રવ્યવહાર માટે રાજ્ય દ્વારા વપરાતી સ્ટેશનરી ઉત્તમ ગુણવત્તાવાળી રાખવી. હલકી કક્ષાનો કાગળ, કવર ન વાપરવા, અપરિચીત લોકોને રાજા સુધી મુલાકાત કરાવનાર સક્ષમ વ્યક્તિ જ હોય. કોઈપણ બાબતમાં પૂર્ણચિંતન, અભ્યાસ વિના કોઈ વચનો ન આપવા, તમામ માહિતીનો અભ્યાસ કર્યા બાદ નિર્ણય કરવો.

રાજ્યમાં કામ કરતા નોકર–ચાકર સાથે સન્માન સાથે અંતર રાખવું. આવા કર્મચારીઓને વહીવટીય બાબતોની ચર્ચાથી દૂર રાખવા. તેમની ભૂલો માટે આકરી સજાને બદલે યોગ્ય સજા કરવી. કાવતરા બાજો (Intriguer) અને સાચા શુભેચ્છકો (Real Well-Wisher) ઓળખવાને માટે વીસ બાબતોની વિગતો મૂકી સર માધવરાવે ખૂબ જ સુંદર સમજણ આપી છે. વહીવટમાં બેઠેલા તમામ લોકોએ કાવતરાબાજો અને શુભેચ્છકોને કેવી રીતે ઓળખવા તેનું સુંદર માર્ગદર્શન ત્રીજા પ્રકરણમાંથી મળે છે. ગુસ્સો, ક્રોધ નામક ચોથા પ્રકરણની નોંધમાં લખ્યું છે કે મહારાજાના ક્રોધ, ગુસ્સાને બહુ જ જૂજ લોકો અંકુશમાં રાખવા જણાવી શકે. ગુસ્સો આવે તેવી બાબત એક અઠવાડિયું કે દસ દિવસ મુલતવી રાખવી. ૨૦મી જૂન, ૧૮૮૧ની નોંધના પ્રકરણમાં મહારાજાએ અડગ રહેવાની વાત છે. કાળજીપૂર્વકના કારણો ધ્યાને લઇ લીધેલ નિર્ણય અડગતા આપે છે. આથી રાજાએ વારંવાર નિર્ણય બદલી અનિશ્ચિતતાની પરિસ્થિતિનો ઉદ્ભવ ન થાય તે જોવું. આ માટે વિશ્વાસુ સલાહકારો સાથે મંત્રણા કરી નિર્ણયો કરવા. જો નિર્ણય ખોટો હોય તો ડાહ્યા રાજાએ નિર્ણય બદલવો. સહકારનું વાતાવરણ ઊભું કરવું. અડગતા દર્શાવવા ઘણી વખત દંભી આચરણ થતું હોય છે. આ માત્ર દંભી મમત (Obstinancy) છે. રાજાએ આવું વલણ અખત્યાર ન કરવું. જૂલાઇ ૧૮૮૧, બુધવારની નોંધમાં અન્ય લોકો પાસેથી લેવાની સલાહમાં ઈશારો (hint) આપવામાં આવ્યો છે કે પોતાના પ્રધાનો, પ્રજાજનો, વિદ્વાનો, મિત્રો તરફથી મળતા સૂચનો ગંભીરતાથી લેવાં. ભૂલ અને અડપલામાં (Mischiet) તફાવત તારવવો, જેવી બાબતો ઉદાહરણ સાથે સમજાવી છે.

સમાચારપત્રોમાં આવતા મંતવ્યોને સાચા માનવા નહીં તેવું શ્રી માધવરાવ સ્પષ્ટ જણાવે છે. આવા મંતવ્યોના સચ્ચાઇનો આધાર સમાચારપત્રની વિશ્વસનીયતા તથા તેના લેખક પર આધારિત છે. સમાચારપત્રોના આધારે નિર્ણયો ન કરવા પરંતુ તે સારા શાસન માટે ભાથું પૂરું પાડે છે તેટલું મર્યાદિત મહત્ત્વ આપવું.

મહારાજા આજીવન અભ્યાસુ રહેવા જોઇએ તેવી વાત કહેતાં જણાવે છે કે રાજ્યના વહીવટમાં ખૂબ સમય વ્યતિત થતો હોય તો પણ અંગત અભ્યાસ માટે ઓછામાં ઓછા ત્રણ કલાક દરરોજ વ્યતિત કરવા. આ માટે બે હેતુઓ દર્શાવ્યા છે. એક મહારાજાએ અંગ્રેજી ભાષા પર પ્રભુત્વ મેળવવા અને બીજું, ઉપયોગી સત્યોની શોધ માટે. આ માટે છ બાબતો અંગે વિશેષ વાંચન માટેની ભલામણ કરાઇ છે, રાજનીતિમાં કુશળ પુરુષોના (Statesman) પ્રવચનો, પાર્લામેન્ટસની ચર્ચાઓ, ભારતનો ઈતિહાસ, પાર્લામેન્ટની બ્લ્યૂ બુક્સ, વહીવટી અહેવાલો, વગેરે ખાસ વાંચવા. સારી નવલકથાઓ તથા જીવનચરિત્રોના વાંચવાથી નવા વિચારો મળે છે.

સર ટી. માધવરાવ પોતાની સલાહોના નિચોડ રૂપ પ્રકરણમાં જણાવે છે કે, "I have thus brought the minor hints to a close. These hints also will be more or less, useful to the Maharaja in practical administration... The Principles I have exposed and the hints I have imparted, deserve to be borne in mind. They are those which guide enlightened rulers. They are those which Conduct them to the heights of happiness, honour and fame."

શિક્ષણ અંગેની બાબતોનું એક અલગ પ્રકરણ છે ૨૦મી જુલાઇ, ૧૮૮૧, બુધવારની આ નોંધમાં સર ટી. માધવરાવે મહારાજાને આપેલ સૂચનોના અગીયાર મુદ્દા આજે પણ એટલા જ પ્રસ્તુત છે. The Maharaja is the father of his people, and the father wishes to make his children not only healthy and happy but wise also. ... If the state did nothing, the people themselves would do very little in the cause of public education. આ માટે રાજ્યના શિક્ષણ વિભાગે અમલમાં મૂકવાના પંદર સામાન્ય સિદ્ધાંતોની સમજ રાજાને આપવામાં આવી છે. ઉચ્ચ શિક્ષણની ભાષા અંગ્રેજીમાં જેને પરવડે તેમને માટે રાખવી. રાજ્યના મુખ્ય મથકે અંગ્રેજી માધ્યમની શાળા રાખવી અને ક્રમશઃ તેને કોલેજ તરીકે વિકસાવવી. જિલ્લા કક્ષાએ અંગ્રેજી–ગુજરાતી માધ્યમની શાળાઓ (Anglo-Vernacular) સ્થાપવી. મોટા જનસમુદાયને ગુજરાતી ભાષાના માધ્યમથી શિક્ષિત કરવા. કન્યાઓ માટે જરૂરી અલાયદી શાળાઓ વિકસાવવી. ઉચ્ચ શિક્ષણ માટે એક અલાયદી માતૃભાષામાં શિક્ષણ આપતી સંસ્થા વિકસાવવી. સંસ્કૃત ભાષાના શિક્ષણને મહત્ત્વ આપવું. શિક્ષણની ફી ખૂબ નીચી રાખવી. રાજ્ય સેવામાં શિક્ષિતોને પ્રાધાન્ય આપવું. ઉચ્ચ શિક્ષણ માટે સ્કોલરશીપની વ્યવસ્થા પૂરી પાડવી. શિક્ષણના કાર્યક્રમોમાં મહારાજાએ ખાસ હાજરી આપી. લાઇબ્રેરી પ્રવૃત્તિને ઉત્તેજન આપવું, વગેરે. આ તમામ બાબતોને મહારાજ સયાજીરાવે આચરણમાં મૂકી હતી.

આ ઉપરાંત સર ટી. માધવરાવે રાજ્યશાસનના જુદા જુદા વિભાગો જેમકે પોલિસતંત્ર, મિલીટરી તંત્ર, કાયદો અને રિવાજો, પબ્લીક હેલ્થ, અન્ન પૂરવઠો, રાજમહેલનું વ્યવસ્થાતંત્ર, બ્રિટીશ સરકાર સાથેના સંબંધો, વગેરે બાબતો અંગેના માર્ગદર્શક સિધ્ધાન્તો સલાહ રૂપે આપેલા તેની નોંધો આ પુસ્તકમાં પ્રકાશિત કરવામાં આવેલી છે.

વર્ષ ૧૮૮૧માં મૂળ પ્રકાશિત પુસ્તક ઘણા સમયથી અપ્રાપ્ય હતું. શ્રી કે.પી. યાજ્ઞિક, આપણા પ્રથમ કુલપતિ, શિક્ષણ વિભાગના સેક્રેટરી હતા. ત્યારે તેનું પુનઃ મુદ્રણ કરવામાં આવ્યું.

તેમના દ્વારા લખાયેલ આમુખ શબ્દશઃ અહીં રજૂ કરું છું. ''The plan of "Minor Hints" is to survey everything of importance of administrative skill and protocol. The author of this book has offered some hints on personal conduct, anger, firmness, compromising spirit, fame how to avoid worry, judgement, power of pardon, respect for others' feeling, etc... Thus Minor Hints is a compendium of past experience, information and knowledge of varied techniques regarding administrative leadrship.''

શિક્ષણના વહીવટ સાથે સંકળાયેલા બધા જ લોકોને આ સૂચનો પથદર્શક બને તેવાં બળુકા છે. 'માઈનોર હિન્ટસ'નો ગુજરાતી અનુવાદ ''શાસનસૂત્રો'' પણ ગુજરાત સરકાર દ્વારા પ્રકાશિત થયેલો છે.

તા. ૧૬-૦૯-૨૦૧૮
પાટણ.

પ્રોફે. બી.એ. પ્રજાપતિ
કુલપતિ

# યુનિવર્સિટી ન્યુઝ

## એવોર્ડ



રાજયકક્ષાના એન.એસ.એસ. દિવસની ઉજવણી અને રાજયકક્ષાના એન.એસ.એસ. એવોર્ડ ૨૦૧૭–૨૦૧૮ વિતરણનો કાર્યક્રમ તા. ૨૨ થી ૨૪ સપ્ટેમ્બર, ૨૦૧૮ દરમ્યાન ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં છેલ્લા ત્રણ વર્ષમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર યુનિવર્સિટી કક્ષાએ પ્રોગ્રામ કૉ.ઓર્ડીનેટર તરીકે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના પ્રોગ્રામ કૉ. ઓર્ડીનેટર ડૉ. જે.ડી. ડામોર તથા શ્રેષ્ઠ કામગીરી કરનાર પ્રોગ્રામ ઓફિસર તરીકે યુનિવર્સિટી સંલગ્ન સરકારી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના પ્રો. સંદીપ એચ. સાંચાલાને પણ ગુજરાત રાજ્યના શિક્ષણ મંત્રી માન. શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાના વરદહસ્તે પ્રમાણપત્ર અને એવોર્ડ એનાયત કરી સન્માનવામાં આવ્યા હતાં. ગુજરાત રાજ્યના શિક્ષણ મંત્રી માન. શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાના વરદહસ્તે એવોર્ડ એનાયાત કરી સન્માનવામાં આવ્યા હતાં. ઉલ્લેખનીય છે કે આ ઉજવણીના સમાપન સમારોહમાં રાજ્ય કક્ષાએ શ્રેષ્ઠ કામગીરી કરનાર એક યુનિવર્સિટી કક્ષાએના પ્રોગ્રામ કૉ.ઓર્ડીનેટર, પાંચ પ્રોગ્રામ ઓફિસર અને સાત સ્વયંસેવકોને આ એવોર્ડ એનાયત કરી સન્માનવામાં આવ્યા હતાં. આ ઉપરાંત સ્વયંસેવકો અને પ્રોગ્રામ ઓફિસર માટે વિવિધ પ્રકારની ૧૭ સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. આ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના, ધનસુરા કોલેજના પ્રોગ્રામ ઓફિસર ડૉ. ગોપાલભાઇ પટેલને માય યુનિટ એન્ડ એડોપ્ટ વિલેજ સ્પર્ધામાં તૃતીય ઇનામ, વક્તત્વ સ્પર્ધામાં જી.ડી. મોદી કોલેજ ઓફ આર્ટ્સ, પાલનપુરના તન્વી એસ. ઠક્કરને પ્રથમ ઇનામ, એકપાત્રીય અભિનય સ્પર્ધામાં શ્રી કે.એસ. કટારા આર્ટ્સ કોલેજ, શામળાજીના કવન આર. પટેલને દ્વિતીય ઇનામ, રંગોળી સ્પર્ધામાં શેઠ એચ.પી. આર્ટ્સ એન્ડ તલોદ સહકારી મંડળી કોમર્સ કોલેજ, તલોદના ગણેશસિંહ એચ. સોલંકીને દ્વિતીય ઇનામ, ઇન્સ્યુમેન્ટ મ્યુઝીક સ્પર્ધામાં એમ.એ. પરીખ ફાઇન આર્ટ્સ કોલેજ, પાલનપુરના ફરદીન એફ. પઠાણને પ્રથમ ઇનામ પ્રાપ્ત થયેલ છે. આ પ્રસંગે એન.એસ.એસ. રાજ્ય પ્રાદેશિક કચેરીના નિયામકશ્રી ડૉ. કમલકુમાર કર, રાજ્ય એન.એસ.એસ. અધિકારી ડૉ. દર્શનાબેન જોશી, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના કા.કુલપતિશ્રી ડૉ. મહેશ પટેલ, કા.કુલસચિવશ્રી ડૉ. પી.એમ. પટેલ, પ્રોગ્રામ કૉ.ઓર્ડીનેટર ડૉ. નટુભાઇ વર્મા, કારોબારી સભ્યશ્રી દિગ્વિજયસિંહ, ગુજરાત સ્ટેટ એન.એસ.એસ. એડવાઇઝરી કમિટીના સભ્ય શ્રી ઉપાધ્યાય, એલ.ડી. આર્ટ્સ કોલેજના પ્રિ. ડૉ. મહિપતસિંહ ચાવડા હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના ટીમ મેનેજર ડૉ. ભરત વૈદ અને પ્રો. ભારતીબેન રાવત, એન.એસ.એસ. વિભાગના કલાર્ક રાજેન્દ્ર હિરવાણીયા, લક્ષ્મીબેન ડામોર ઉપસ્થિત રહ્યા હતાં.

## સાંસ્કૃતિક પ્રવૃત્તિ

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના આર્કિટેક્ચર વિભાગમાં અભ્યાસ કાર્ય ઉપરાંત વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ તથા તહેવારોની વિદ્યાર્થીઓ દ્વારા ઉજવણી કરવામાં આવે છે. જન્માષ્ટમી તથા ગણેશોત્સવની ઉજવણી કરવામાં આવી. જેમાં મટકીફોડ કાર્યક્રમ, ગણેશોત્સવમાં ગણપતિની સ્થાપના અને પાંચ દિવસ પછી વિસર્જન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત રમત–ગમત તથા અન્ય સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી. આ વર્ષે કાઉન્શિલ ઓફ આર્કિટેક્ચર, નવી દિલ્હી દ્વારા આયોજીત હેરીટેજ ડોક્યુમેન્ટેશન કોમ્પીટીશનમાં આર્કિટેક્ચર વિભાગના વિદ્યાર્થીઓએ ભાગ લીધો છે. આ સ્પર્ધાનું પશ્ચિમ ઝોનનું પ્રદર્શન મુંબઇ ખાતે વિદ્યાભારતી સ્કૂલ ઓફ આર્કિટેક્ચરમાં તા. ૨૪ થી ૨૫–૯–૨૦૧૮ના રોજ યોજવામાં આવ્યું હતું. જેમાં આર્કિટેક્ચર વિભાગ દ્વારા મોકલાયેલા દસ્તાવેજીકરણ પ્રદર્શિત થયું હતું. જેમાં વિદ્યાર્થીઓએ મુંબઇ જઇને પ્રદર્શિત કામને મૌખિક રજુઆત કરી હતી. આ સ્પર્ધામાં ભાગ લેવાથી આપણા વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય મંચ પર પોતાનું કૌશલ પ્રદર્શિત કરવાનો અવસર સાંપડ્યો હતો.

# કોલેજ ન્યુઝ

## આરોગ્ય જાગૃતિ

❊ તા. ૧૨–૭–૨૦૧૮ના રોજ લોકનિકેતન મહાવિદ્યાલય, રતનપુરમાં રક્તકણ (સ્ટમસેલ) દાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો. દાત્રી બ્લડ સ્ટેમસેલ ડોનર્સ રજીસ્ટ્રી, અમદાવાદથી શ્રી કૃણાલભાઇ અને શ્રી સંદીપભાઇ હાજર રહેલ. કૃણાલભાઇએ સ્ટેમસેલ અંગેની શોર્ટ ફિલમ બતાવી દાત્રી સંસ્થા અને બ્લડ સ્ટેમસેલ અંગે માહિતી આપતા જણાવ્યું કે દાત્રી બ્લડ સ્ટેમસેલ ડોનર્સ રજીસ્ટ્રી એક બિન–નફાકારક સંસ્થા છે. જેની સ્થાપના ૨૦૦૯માં થઇ છે. સંસ્થાનો ઉદ્દેશ્ય જીવલેણ લોહી વિકારથી પીડાતા લોકોને જીનેટીકલી મેચ બ્લડ સ્ટેમસેલ ડોનર્સ શોધી તેમને જીવન બચાવવાની તક આપવાનો છે. પોતાના કુટુંબમાંથી આવા અનુરૂપ વ્યક્તિ મળવાની સંભાવના માત્ર ૨૫ ટકા જ્યારે સંબંધી ન હોય તેવા દસ હજાર કે વીસ લાખ વ્યક્તિએ એક જીનેટીકલી મેચ (આનુવંશિક રીતે અનુરૂપ) બ્લડ સ્ટેમસેલ દાતા મળવાની સંભાવના છે. બ્લડ સ્ટેમસેલ ટ્રાન્સપ્લાન્ટ દ્વારા લ્યુકેમિયા, લીમ્ફોમા, થેલેસેમિયા જેવા જીવલેણ લોહીના વિકારથી પીડાતા દર્દીઓની સારવાર કરી શકાય છે. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓએ રક્તકણ દાતા તરીકે સંમતિ પત્રક ભરી ગાલની અંદરના સેલનો નમૂનો આપી સમાજસેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડેલ છે.

❊ મહિલા કોલેજ, ઊંઝામાં પ્રિ. ડૉ. લીલાબેન સ્વામીના અધ્યક્ષપદે થેલેસેમિયા માઇનોરમાં અને આર્યન ડેફીસીયન્સી અંગે ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી અમદાવાદ દ્વારા માહિતી આપવામાં આવી હતી.

## એન.એસ.એસ.

❊ મહિલા આર્ટ્સ કોલેજ, વિજાપુરના એન.એસ.એસ. વિભાગ દ્વારા તા. ૨૧–૮–૨૦૧૮ના મહેશ્વરપુરા ગામે વૃક્ષારોપણનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. સ્વચ્છતા અભિયાન અંતર્ગત ગ્રામ સફાઇ તથા ગ્રામફેરી કરવામાં આવી હતી.

❊ સી.એન. આર્ટ્સ એન્ડ બી.ડી. કોમર્સ કોલેજમાં તા. ૨૫–૭–૨૦૧૮ના રોજ ''રાષ્ટ્રીય સેવા યોજના''ની પરિચય બેઠક યોજવામાં આવી હતી. પ્રોગ્રામ ઓફિસર ડૉ. ચિરાગ ધંધુકિયા દ્વારા 'રાષ્ટ્રીય સેવા યોજના' અને તેના કાર્યો વિશે માહિતી આપવામાં આવી હતી.



❊ એમ.એન.કોલેજ, વિસનગરના એન.એસ.એસ. વોલિન્ટીયર દ્વારા હિસ્ટોરિકલ સાઇટ વિસનગરની ''હિરાવાવ''ની મુલાકાત લેવામાં આવી હતી.



❊ તા. ૭–૮–૨૦૧૮ના રોજ એમ.એન. કોલેજ, વિસનગરના એન.એસ.એસ. દ્વારા વિસનગરના ઐતિહાસિક પિડારીયા તળાવમાં ફેલાયેલ પ્લાસ્ટિકનું એકત્રીકરણ કરી અંદાજે ૧૮ થેલા પ્લાસ્ટિક એકઠું કરી વિસનગર નગરપાલિકાને યોગ્ય નિકાલ માટે સુપરત કર્યો હતો. ઉપરાંત સ્ત્રીને લગતા રોગોના અવેરનેસ માટે ડૉ. પારુલબેન પટેલ સિવિલ સર્જન–વિસનગરનું રોટરી કલબના સહયોગથી વ્યાખ્યા યોજવામાં આવ્યું હતું. જેમાં લગભગ 300 જેટલી બહેનોએ હાજરી આપી હતી.

## ઉજવણી

વૈશ્વિક પર્યાવરણ જાળવણી અભિયાન અંતર્ગત તા. ૨૪–૮–૨૦૧૮ના રોજ શ્રી માતૃશ્રી એસ.એસ. ગોવિંદા અને શ્રીમતી આર.કે. ડી. ખણુશીયા કોલેજ ઓફ એજ્યુકેશન, પાલનપુર ખાતે ''વૃક્ષારોપણ અને સંવર્ધન'' કાર્યક્રમનું આયોજન, બનાસકાંઠા જિલ્લા વન વિભાગ પાલનપુરના સહયોગથી કરવામાં આવ્યું હતું. સંસ્થા પરિસરમાં સો વૃક્ષોનું રોપણ તેમજ વૃક્ષ દત્તક આપવામાં આવ્યા હતાં.

## કેમ્પસ ઈન્ટરવ્યુ



લોકનિકેતન મહાવિદ્યાલય, રતનપુરમાં તા. ૧૧–૭–૨૦૧૮ના રોજ સૈટીન ક્રેડીટકેર નેટવર્ક પ્રા. લિ., અમદાવાદ દ્વારા કોમ્યુનીટી સર્વિસ ઓફિસરની જગ્યા માટે કેમ્પસ ઇન્ટરવ્યું યોજવામાં આવ્યું હતું. કુલ ૬૯ વિદ્યાર્થીઓએ ઇન્ટરવ્યું આપ્યા હતાં. જેમાં ૨૨ ભાઇ અને ૨ બહેન એમ કુલ ૨૪ વિદ્યાર્થીની પસંદગી થયેલ છે.

## ગ્રંથાલય

એલ.એન.કે. કોલેજ ઓફ એજ્યુકેશન પાટણ ખાતે તા. ૮–૯–૨૦૧૮ના રોજ 'તરતું ગ્રંથાલય' અભિયાન અંતર્ગત 'પુસ્તક વાંચન'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રિ. ડૉ. એસ.પી. શર્મા અને ગ્રંથપાલ શ્રી મેહુલ સુતરીયાના માર્ગદર્શન હેઠળ વિવિધ પુસ્તકોનું સમૂહ વાંચન કરવામાં આવ્યું હતું.

## તાલીમ



સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, કડોલીમાં ગુજરાત રાજ્ય સહકારી સંઘ અને સાબરકાંઠા જિલ્લા સહકારી સંઘના સંયુક્ત ઉપક્રમે તા. ૬–૮–૨૦૧૮ થી તા. ૧૧–૮–૨૦૧૮ સુધી યુવક સહકારી શિક્ષણ વર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું.

## મહિલા સશક્તિકરણ



✻ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, રાધનપુરમાં તા. ૧૭–૭–૨૦૧૮ના રોજ સ્ત્રી સશક્તિકરણ અંતર્ગત સ્ત્રી આરોગ્ય અને વિમેન્સ એમ્પાવરમેન્ટ વિષય પર વ્યાખ્યા યોજવામાં આવ્યું હતું. વક્તા ડૉ. રીનાબેન ઠક્કરે બહેનોની સ્વનિર્ભરતા, સજાગતા તેમજ તેમના ઉત્થાન અને જાગૃતિ, સ્વાસ્થ્ય જાગૃતિ, રોગો તેમજ ઉપચાર વિષયક વ્યાખ્યાન આપ્યું હતું. તેમજ બહેનો સાથે પ્રશ્નોત્તરી કરી તેમની સમસ્યાનું સમાધાન કર્યું હતું.



✻ આર્ટ્સ અને કોમર્સ કોલેજ, ચાણસ્મા "વિશ્વ સ્તનપાલન દિવસ" તથા સ્તનપાન સપ્તાહની ઉજવણી નિમિત્તે તા. ૧–૮–૨૦૧૮ને બુધવારે 'સ્તનપાનનું મહત્ત્વ' વિષય પર ગાયનેકોલોજિસ્ટ ડૉ. હેતલબેન પંચોલીનું વ્યાખ્યાન ગોઠવવામાં આવ્યું હતું.

✻ તા. ૪–૮–૨૦૧૮ના રોજ લોનિકેતન મહાવિદ્યાલય, રતનપુર તથા સંકલિત બાળવિકાસ યોજના ઘટક–૧, વડગામના સંયુક્ત ઉપક્રમે સ્તનપાન સપ્તાહની ઉજવણી અને બાળતંદુરસ્તી હરીફાઇ પાંચડા, મગરવાડા તથા નાવિસણા મુકામે યોજવામાં આવી હતી. જેમાં ૩૮ બહેનોએ લાભ લીધો. બાળ તંદુરસ્તી હરીફાઇમાં ૦ થી ૨ વર્ષની ઉંમરના ૧૩ બાળકો જોડાયા હતા. પ્રથમ ત્રણ ક્રમ રાકેશભાઇ દરજી, જતીનજી ભીખાજી ઠાકરડા અને નીશા મહેશજી ઠાકોરે પ્રાપ્ત કર્યા હતાં. જ્યારે મગરવાડામાં પ્રથમ ત્રણ ક્રમ મહેક જીતેન્દ્રભાઇ રાવળ, ધ્રુમિત ભરતભાઇ પ્રજાપતિ અને પ્રાંશી જીતેન્દ્રભાઇ નાઇએ પ્રાપ્ત કર્યા હતાં. નાવિસણામાં પ્રથમ ત્રણ ક્રમમાં મોહિત બીપીનભાઇ સોલંકી, રૂહી શૈલેષભાઇ ડાભી અને રીયા મુળજીભાઇ ડાભી વિજેતા રહ્યા હતાં.

કાર્યક્રમમાં પાંચડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસર શ્રી બીજેશભાઇ, ફિમેલ હેલ્થ સુપરવાઇઝરશ્રી ચંદ્રિકાબહેન તેમજ અનિલભાઇ, ચંપાબેન, રિધ્ધિબહેને સગર્ભા અને ધાત્રી માતાએ કેવો આહાર લેવો, જન્મના પ્રથમ કલાકમાં સ્તનપાનની શરૂઆત, છ માસ સુધી ફક્ત સ્તનપાન, સ્તનપાનના ફાયદા, બાળકને ધવડાવવા માટે લેવાની રીત, સ્તનમાં દૂધ બનવાની રીત, દૂધ વધારવાની રીત અને છ માસ પછીના પૂરક આહાર અંગે વક્તવ્યો આપ્યા હતાં.

✻ લોકનિકેતન મહાવિદ્યાલય, રતનપુરના રાષ્ટ્રીય સેવા યોજના સંકલિત બાળ વિકાસ યોજના ઘટક–૨, પાલનપુર તથા ઇનર વ્હીલ કલબ પાલનપુર સીટીના સંયુક્ત ઉપક્રમે સ્તનપાન સપ્તાહની ઉજવણી અને બાળતંદુરસ્તી હરીફાઇ યોજવામાં આવી હતી. ૩૮ બહેનોએ લાભ લીધો. બાળ તંદુરસતી હરીફાઇમાં ૦ થી ૧ વર્ષની ઉંમરના ૭ બાળકો જોડાયા. પુર્વિત પ્રકાશભાઇ ચૌધરી, કાવ્ય હસમુખભાઇ ચૌધરી અને કાવ્યા જયેશભાઇ ચૌધરી અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતિય ક્રમે વિજેતા થયા હતા. વકતાશ્રીએ કાશ્મીરાબહેન, અનિલભાઇ, મનીષાબહેને સગર્ભા અને ધાત્રી માતાએ કેવો આહાર લેવો, જન્મના પ્રથમ કલાકમાં સ્તનપાલનની શરૂઆત, છ માસ સુધી ફક્ત સ્તનપાન, સ્તનપાનના ફાયદા, બાળકને ધવડાવવા માટે લેવાની રીત, સ્તનમાં દૂધ બનાવાની રીત, દૂધ વધારવાની રીત અને છ માસ પછીના પૂરક આહાર અંગે વિસ્તૃત સમજ આપી હતી.

## રમતગમત



✻ લોકનિકેતન મહાવિદ્યાલય, રતનપુરમાં તા. ૨–૮–૨૦૧૮ના

રોજ રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કબડ્ડી, ખો–ખો, દોડ, ઊંચી કૂદ, લાંબી કૂદ, બેડમિન્ટન, વોલીબોલ, ગોળાફેંક, રસ્સા ખેંચ, ચેસ, કેરમ, ચક્રફેંક, હથોડાફેંક, બરછીફેંક, ક્રિકેટ વગેરે રમતોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. સંચાલકશ્રી અને આચાર્યએ વિદ્યાર્થીઓને રમત દ્વારા ખેલદિલીનો ગુણ વિસાવવા સંદર્ભે પ્રવચનો આપ્યા હતાં.

※ ગુજરાત સ્ટેટ રેસલીંગ એસોસિએશન દ્વારા આયોજીત અંડર–૨૩ વુમન રેસલીંગ સ્પર્ધા સુરત મુકામે તા. ૨૮–૭–૨૦૧૮ના રોજ યોજવામાં આવી હતી. જેમાં મહિલા આર્ટ્સ એન્ડ હોમસાયન્સ કોલેજ, મહેસાણાની વિદ્યાર્થિની ગોસ્વામી ભાર્ગવીએ ૬૨ કિ.ગ્રામ. વર્ગમાં સિલ્વર મેડલ મેળવેલ તથા ઠાકોર મેઘાએ ૬૮ કિ.ગ્રામ વર્ગમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કરેલ છે.

## વર્કશોપ

સાયન્સ કોલેજ, તલોદમાં કારકિર્દી માર્ગદર્શનનું આયોજન કરવામાં આવ્યું. જેમાં Dot Technologies ના Technical Head શ્રી ચેતનભાઇ પટેલ અને શ્રી નિકુલભાઇ પટેલ દ્વારા Digital Marketing અને તેમાં નોકરીની તકો વિશેની Career Launcher. ગાંધીનગરના શ્રી હિતેન્દ્રસિંહ પરમાર દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાઓ વિશે માહિતી આપવામાં આવી હતી.

## વૃક્ષારોપણ



※ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, રાધનપુરમાં તા. ૧૪–૭–૨૦૧૮ના રોજ કેમ્પસમાં ૪૦૦ વૃક્ષારોપણના લક્ષ્યાંક સાથે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

※ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, શંખેશ્વરના એન.એસ.એસ. યુનિટ દ્વારા ૨૦૦ સ્વયંસેવકોએ વૃક્ષારોપણ અને વૃક્ષ જતનના શપથ લીધા હતા. પાટણ જિલ્લાના ૬૯મા વનમહોત્સવ શ્રમ અને રોજગારમંત્રી દિલીપકુમાર ઠાકોરના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો હતો. મંત્રીશ્રીએ વિવિધ વૃક્ષોના આયુર્વેદિક ગુણો અને જીવનમાં વૃક્ષના મહત્ત્વ વિશે પ્રકાશ પાડ્યો હતો. વૃક્ષારોપણ તેમજ ૧૦,૦૦૦ વૃક્ષોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

※ સી.એન.આર્ટ્સ એન્ડ બી.ડી. કોમર્સ કોલેજ કેમ્પસમાં તા. ૧૪–૭–૨૦૧૮ના રોજ 'વૃક્ષારોપણ' કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કોલેજના વિદ્યાર્થીઓ તથા અધ્યાપકો દ્વારા વૃક્ષોનું જતન કરીને ઉછેરવાની પ્રતિજ્ઞા પણ લેવામાં આવી હતી.

## વ્યાખ્યાન

※ આર્ટ્સ કોલેજ, ભીલડીમાં તા. ૧–૮–૨૦૧૮ના રોજ વૃક્ષારોપણ અને યુથ ફોર સેવા અને રાષ્ટ્રીયતા પર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આર.એસ.એસ.ના ગુજરાત પ્રાંત શારીરિક પ્રમુખ જગદીશભાઇ ચાવડાએ રાષ્ટ્રીયતાની ભાવના કેળવવા તેમજ વૃક્ષના જતન અંગે વક્તવ્ય આપ્યું હતું.

※ મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ અર્બન બેંક સાયન્સ કોલેજમાં સરદાર પટેલ યુનિવર્સિટીના વિભાગના ડૉ. ડી.કે. રાવલનું 'સ્ટીરીયો કેમેસ્ટ્રી' વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ગાંધીજીને આગામી વર્ષે ૧૫૦ વર્ષ થવાના છે ત્યારે ''ગાંધી ૧૫૦ નોટઆઉટ'' વિષય ઉપર ગાંધી વિચારના અભ્યાસુ શ્રી રમેશભાઇ વૈષ્ણવનું વ્યાખ્યાન યોજાયું હતું. શ્રી રમેશભાઇ વૈષ્ણવે આગામી વર્ષે ગાંધીજીને સ્મરણાંજલિ માટે ૧૫૦ જેટલી જુદી જુદી સંસ્થાઓમાં વ્યાખ્યાન આપવાનો સંકલ્પ કર્યો છે. તે અંતર્ગત આ ૭૮મું વ્યાખ્યાન હતું.

## સાહિત્યગોષ્ઠિ

※ આર્ટ્સ એન્ડ કોમર્સ મહિલા કોલેજ, ઊંઝા દ્વારા પ્રિ. ડૉ. લીલાબેન સ્વામીના અધ્યક્ષસ્થાને Indian English Literary Fair-2018નું આયોજન તા. ૨૦–૮–૨૦૧૮ના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં ભારતીય અંગ્રેજી સાહિત્યના વિવિધ વિષયોનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ ફેરમાં કોલેજ તથા અન્ય શૈક્ષણિક સંસ્થાની વિદ્યાર્થિનીઓએ મુલાકાત લીધી હતી. આ ઉપરાંત જન્મજયંતીની ઉજવણી કરવામાં આવી હતી.

※ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ચાણસ્મામાં તા. ૩૧–૭–૨૦૧૮ના રોજ કાવ્ય–પઠન સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં પ્રથમ ક્રમે રાવળ હેતલબેન મંગળભાઇ, દ્વિતીયક્રમે દેસાઇ આશાબેન હરગોવનભાઇ અને તૃતીયક્રમે ઠાકોર નિશાબેન છગનજી વિજેતા થયા હતાં.

※ મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ અર્બન સાયન્સ કોલેજ, મહેસાણામાં તા. ૧૭–૯–૨૦૧૮ના રોજ ગુજરાતી વિભાગ દ્વારા ''લોકરંગ'' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લોકકલાકાર કરણ જી. ઠાકોરે લોકસાહિત્યની પ્રસ્તુતિ કરી હતી. વધુમાં વિદ્યાર્થીઓ જાગૃતિ પટેલ, ભાવેશ દેસાઇ, ઉત્તમ ગાંધી, શીતલ સેનમા વગેરેએ ઝવેરચંદ મેઘાણીના ગ્રંથસ્ત લોકગીતોની પ્રસ્તુતિ કરી હતી લોક પરંપરાના મૂળ ઢાળ સાથે લોકવારસાને રજુ કરવામાં આવ્યો હતો. તા. ૧૪ સપ્ટેમ્બર, ૨૦૧૮ના રોજ ''હિન્દી દિવસ''ની ઉજવણી કરવામાં આવી હતી. મુખ્ય વક્તા ડૉ. આર.સી. સારસ્વતે ''હિન્દી પ્રચાર પ્રસાર'' ઉપર વક્તવ્ય આપ્યું હતું. વિદ્યાર્થી ભાઇ–બહેનોને પ્રાર્થના, નૃત્ય, કાવ્યપઠન, મૂક અભિનય તથા ગીતો રજુ કર્યા હતા. તા. ૧૨–૯–૨૦૧૮ના રોજ ડૉ. રાધાકૃષ્ણ જન્મજયંતી શિક્ષકદિન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

❊ એલ.એન.કે. કોલેજ ઓફ એજ્યુકેશન, પાટણ દ્વારા તા. ૧૪–૯–૨૦૧૮ના રોજ આચાર્ય ડૉ. એસ.પી. શર્માના માર્ગદર્શન હેઠળ 'હિન્દી દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. સંવિધાનમાં ૧૪ સપ્ટેમ્બર, ૧૯૪૯ના દિવસથી તેને રાષ્ટ્રભાષા તરીકે જાહેર કરી અને અનુચ્છેદ ૩૫૧માં સમાવવામાં આવી છે. રાષ્ટ્રભાષાના મહત્ત્વને વધારવા માટે રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ દ્વારા ૧૪ સપ્ટેમ્બર ૧૯૪૩થી પ્રતિવર્ષ તેને 'હિન્દી દિવસ' તરીકે મનાવવામાં આવે છે. ડૉ.એસ.પી. શર્મા દ્વારા તેની મહત્તા સમજાવવામાં આવી હતી. ભારતના ૮ રાજ્યોમાં તો એ સંપૂર્ણ સ્વીકૃત ભાષા છે એમ તેમણે સમજાવ્યું હતું. આ પૂર્વે તા. ૮–૯–૨૦૧૮ના રોજ 'વિશ્વ સાક્ષરતા દિન'ની સમજ વિશેષ કૃતિ તરીકે આપવામાં આવેલ. રજૂઆત બી.એડ્. સેમ–૩ની પ્રશિક્ષણાર્થી વાઘેલા જાગૃતિબા દ્વારા કરવામાં આવેલ. વિશ્વ સાક્ષરતા દિનની શરૂઆત વર્ષ ૧૯૬૬માં કરવામાં આવેલ. ભારતમાં ૧૯૪૬માં સાક્ષરતા દર ૧૮ ટકા હતો જે વધીને અત્યારે ૭૫ ટકા થયો છે. અત્યારે ભારતમાં પુરુષોમાં સાક્ષરતાનું પ્રમાણ ૮૨ ટકા અને સ્ત્રીઓમાં ૬૫.૮૬ ટકા છે.




❊ મહિલા આર્ટ્સ એન્ડ હોમસાયન્સ કોલેજ, મહેસાણામાં જાણીતા લેખક, નાટ્યકાર ડૉ. મહેશ દત્તાણીના જન્મદિનની ઉજવણી કરવામાં આવી હતી. ડૉ. આરતી ખીદરી અને વિદ્યાર્થિનીઓ શિવાની બારોટ, એકતા વાઘેલા, ભૂમિ પ્રજાપતિ, સોનલ પરમારે લેખકની કૃતિઓમાં જાતીય ભેદભાવ પરના મંતવ્યો વિશે સમજ આપી હતી.

❊ મહિલા આર્ટ્સ એન્ડ હોમસાયન્સ કોલેજ, મહેસાણામાં કવિશ્રી ઉમાશંકર જોશીની જન્મજયંતી નિમિત્તે 'સ્મૃતિવંદના' કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. શ્રી ડૉ. કે.એમ. બારોટે ઉમાશંકર જોશીના જીવન, કવન અને તેમના સર્જન વિષેના વિવેચન સાથે માહિતી આપી હતી.

❊ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, શંખેશ્વરના 'કાવ્યપઠન સ્પર્ધા' યોજવામાં આવી હતી. નવિનભાઇ ભોજકે માતૃભાષાનું મહત્ત્વ, ગુજરાતી કવિતાના રસાસ્વાદ તથા ગાન અને પઠન અંગેના ભેદ વિશે તેમજ ડૉ. રાજેશ ત્રિવેદીએ જાણીતા ગુજરાતી કવિઓની કવિતાઓનું ભાવપૂર્વક પઠન કરી કાવ્યપઠન અંગે સમજ આપી હતી. વિદ્યાર્થીઓએ ગુજરાતી, અંગ્રેજી અને સંસ્કૃત ભાષામાં સ્વરચિત તેમજ જાણીતા ગુજરાતી અને અંગ્રેજી સર્જકોની કવિતા અને ગઝલોનું પઠન કર્યું હતું. ગુજરાતી વિષયમાં પ્રથમક્રમે જોશી કોમલ, દ્વિતીય ક્રમે જાલીસણિયા મનોજ અને તૃતીયક્રમે સિંઘવ રશ્મિ, અંગ્રેજી વિષયમાં પ્રથમક્રમે દવે હીના, દ્વિતીયક્રમે ઝાલા મનહરબા અને તૃતીયક્રમે ખાંભલ્યા હરિ અને સંસ્કૃત વિષયમાં પાઠક માનસી પ્રથમક્રમે વિજેતા જાહેર થયાં હતાં.

## સાંસ્કૃતિક પ્રવૃત્તિ

❊ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, રાધનપુરમાં તા. ૩૧–૭–૨૦૧૮ના રોજ કોલેજમાં મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ સ્થાને રાજપૂત જાગૃતિ કે., બીજા સ્થાને વ્યાસ દર્શના કે. અને શેખ ગુફરાના એન. તેમજ તૃતીય સ્થાને નાઇ કોમલ આઇ અને સુથાર નિલમ વી. વિજેતા બન્યા હતાં. ઉપરાંત તા. ૩–૮–૨૦૧૮ના રોજ કેશગૂંથન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. પ્રથમ સ્થાને રાજપૂત જાગૃતિ કે., દ્વિતીય સ્થાને રાઠોડ રિંકલ એ., નાઇ કિરણ એસ., તૃતિય સ્થાને શેખ ગુફરાના એન. અને પંચાલ હિરલ વી. વિજેતા થયા હતા.

❊ આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ભિલોડામાં મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ ક્રમાંકે પ્રજાપતિ પૂર્ણિમા, દ્વિતીય ક્રમાંકે ચૌહાણ હિરલ એસ., તૃતીય ક્રમાંકે જયસ્વાલ જિનલ ડી. વિજેતા રહ્યા હતાં.

## સેમિનાર

ડી.ડી. ઠાકર આર્ટ્સ અને કે.જે. પટેલ કોમર્સ કોલેજ, ખેડબ્રહ્મામાં તા. ૧૮–૮–૨૦૧૮ના રોજ કારકિર્દી લક્ષી એક દિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. એકલવ્ય એકેડેમીના ડાયરેક્ટરશ્રી રાજુભાઇ વણઝારાએ સ્પર્ધાત્મક પરીક્ષા અને ગીરીશભાઇ પ્રજાપતિ અને જીજ્ઞેશભાઇ શનિશ્વરાએ સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉપયોગી વિષયો અંગે માહિતી આપી હતી.

## સ્વચ્છતા અભિયાન



એમ.એન. કોલેજ, વિસનગરના એન.એસ.એસ. વોલીન્ટીયર્સ દ્વારા સ્વચ્છતા અભિયાન અંતર્ગત કોલેજનાં બોટાનીકલ ગાર્ડન, મુખ્ય ગાર્ડન, કેન્ટીનની આસપાસનો વિસ્તાર, કોલેજ ગ્રાઉન્ડ એસેમ્બ્લી હોલ વગેરે જેવી વિવિધ જગ્યાએ સ્વચ્છતા હાથ ધરવામાં આવી હતી.

# ગ્રંથદર્શન



**શીર્ષક : શ્રી હેમચંદ્રાચાર્યની સાહિત્ય સાધના (શ્રી મોહનલાલ પટેલ ભારતીય સાહિત્ય વ્યાખ્યાનમાળામાં આપવામાં આવેલ વ્યાખ્યાન)**
**વકતા : પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઇ**
**અધ્યક્ષ : પ્રોફે. બી.એ. પ્રજાપતિ**
**સંયોજક : ડૉ. કનકબાળા જાની**
**પ્રકાશન વર્ષ : ૨૦ માર્ચ, ૨૦૧૮, પૃષ્ઠ : ૬૪**

શબ્દબ્રહ્મના ઉપાસક અને કુશળ વહીવટકર્તા કુલપતિશ્રી પ્રોફે. બી.એ. પ્રજાપતિ સાહેબની વિદ્યાવ્યાસંગીતાના કારણે યુનિવર્સિટીમાં સંશોધન, પ્રકાશન અને જ્ઞાનના પ્રચાર–પ્રસાર અને સંરક્ષણની પ્રવૃત્તિ ચેતનવંતી બની છે અને ખરાં અર્થમાં યુનિવર્સિટીના ગીતના શબ્દો ''જ્ઞાનદીપથી ઉજ્જવળ કરશું લોક લોકના હૈયા... હતી લુપ્ત તે થઇ સજીવન (સરસ્વતી માતા)''ને સાકાર કરી રહ્યા છે. આ બધુંય હોવા છતાં પણ જો કોઈ વાતનું સતત ચિંતન અને ચિંતા પણ કહી શકાય તે એ હતી કે ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સાથે કલીકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યજીનું નામ જોડાતા યુનિવર્સિટી વિશેષ ગૌરવાન્વિત થઇ છે, પણ શું બૃહદ યુનિવર્સિટી પરિવાર (વિદ્યાર્થીઓ, અધ્યાપકો, કર્મચારીઓ, સંલગ્ન કોલેજો) મુનિ ભગવંત હેમચંદ્રાચાર્યના જીવન–કવનથી પરિચિત છે ખરો ? આ દિશામાં નક્કર કરવાની આવશ્યક્તા પીછાણી. (જો કે સંસ્કૃત વિભાગ દ્વારા પ્રતિવર્ષ હેમ સમારોહ થાય છે પરંતુ તે તો સંસ્કૃત પૂરતું મર્યાદિત હોય છે.)

પદ્મશ્રી કુમારપાળ દેસાઇ સાહેબથી વધુ કોણ પીરસી શકે ? કુલપતિશ્રી પ્રોફે. બી.એ. પ્રજાપતિ સાહેબે રૂબરૂ મળી વ્યાખ્યાન માટે સાદર નિમંત્રણ પાઠવી, સતત સંપર્કમાં રહી તેમના પ્રત્યક્ષ નેતૃત્વ ''શ્રી હેમચંદ્રાચાર્યની સાહિત્ય સાધના'' વિષયક વ્યાખ્યાનનું આયોજન ગોઠવ્યું. સદર વ્યાખ્યાનનો લાભ ઉપસ્થિત શ્રોતા પૂરતો મર્યાદિત ન બની રહેતાં ગુજરાત–ભારતના વિદ્યાજગત સુધી પહોંચે તે માટે વ્યાખ્યાનનું દસ્તાવેજીકરણ કરી (પુસ્તક તૈયાર કરી) વિનામૂલ્યે વિતરીત કરવામાં આવ્યું જે માટે કુલપતિશ્રીને ઋણ સ્વીકાર સાથે વંદન કરું છું. આ શુભ કાર્ય માટે નિમિત્ત બની ''શ્રી મોહનલાલ પટેલ ભારતીય સાહિત્ય વ્યાખ્યાનમાળા'' સદર વ્યાખ્યાનમાળાનું ઉત્તર દાયિત્વ યુનિવર્સિટી ગ્રંથપાલના શીરે હોય છે. આથી આવા સુંદર આયોજનમાં સહભાગી થવાનો મને મોકો મળ્યો જે મારું પરમ સૌભાગ્ય છે.

સદર ગ્રંથમાં સોલંકીકાલીન યુગમાં ગુજરાતની યશઃપતાકા દશે દિશાઓમાં લહેરાતી હતી તેના મૂળમાં આચાર્યશ્રીની સાહિત્ય સાધના, જન સમુદાયમાં સંસ્કારીતાનું સિંચન, રાજવીઓને પૂરું પાડેલું માર્ગદર્શન રહેલા છે. એક સંતની ભૂમિકાને ઉજાગર કરવામાં આવી છે. જૈનધર્મી હોવા છતાંય મહાદેવસ્તોત્રની રચના કરી છે. દ્વાશ્રય કાવ્ય, ત્રિષષ્ટિ શલાકા પુરુષ, પરિશિષ્ટ પર્વ, કાવ્યાનુશાસન, છંદોનુશાસન વગેરે અનેક ગ્રંથોમાં પાટણની પ્રભુતા, મહાપુરુષોના જીવનપ્રસંગોની ગાથાને ખૂબ જ સરળ, બોધગમ્ય હૃદયગમ્ય પણ ખરી જ – શૈલીમાં સમજાવી છે. જ્ઞાનના સન્માનનો વિશ્વ વિક્રમ ધરાવતી પરંપરા હાથીની અંબાડી ઉપર ગ્રંથ પધરાવી (સિધ્ધ હેમશબ્દાનુશાસન) રાજા પગપાળા ચાલે તે ઘટનાનાના વર્ણનની સાથે આ ગ્રંથ નિર્માણનો ઈતિહાસ ખૂબ જ રોમાંચક અને રાષ્ટ્રભક્તિની ભાવનાથી તરબત્તર છે. સિધ્ધરાજે અવંતિના રાજા યશોવર્માને હરાવી રાજા ભોજનો ગ્રંથભંડાર પાટણ લાવ્યા. પરંતુ પાટણના ગુરુકુળોમાં તો રાજાભોજ દ્વારા તૈયાર કરાવેલું ''સરસ્વતી કંઠાભરણ'' ભણાવવામાં આવતું હતું. સિધ્ધરાજને આથી વિજયમાં પણ તેને હાર દેખાણી. શું મારા રાજ્યમાં વિદ્વાનો નથી કે જે સરસ્વતી કંઠાભરણની સમકક્ષ ઉભું રહી શકે તેવા વ્યાકરણની રચના કરે ? અને આ ભાવનામાંથી ''સિધ્ધહેમ શબ્દાનુશાસન''નો પ્રાર્દુભાવ થયો. 300 લહીયાઓ બેસાડી સવાલક્ષ પ્રતો તૈયાર કરાવી દેશના ખૂણે ખૂણે અને પાડોશી દેશોમાં મોકલાવી. આવી અનેક બાબતોનું રસપાન વાચકને જકડી રાખે છે.

અન્ય એક ઘટના ઉપર દ્દષ્ટિપાત કરીએ. ''આધુનિક સમયમાં ઈ.સ. ૧૮૮૯માં જર્મન વિદ્વાન ડૉ. બુલ્કરે જર્મન ભાષામાં હેમચંદ્રાચાર્યનું ચરિત્ર લખ્યું હતું. જેનો અંગ્રેજી અનુવાદ ૧૯૩૬માં ડૉ. મણિલાલ પટેલે પ્રગટ કર્યો હતો. ''દ્વાશ્રય''માં અણહિલવાડ પાટણ, ગૂર્જરદેશ, ગુજરાતની અસ્મિતા, ગુજરાતના દરિયાકાંઠાની સાહસિક પ્રવૃત્તિઓ, સોલંકીયુગની સંસ્કારીતા, પ્રજાના શૌર્યની કથાઓ, ઋતુ વર્ણન, રસવર્ણન, સૃષ્ટિવર્ણન, નગર, પ્રભાત, યાત્રા, નદી, રાત્રી, પર્વત ઉપરાંત ચૌલુક્યવંશની કીર્તિને અક્ષરદેહ આપ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાતની પહેલી અને શ્રેષ્ઠ ગણાય એવી આ ઐતિહાસિક કૃતિ છે.

આમ અનેક કૃતિઓના રસદર્શનની સાથે હેમચંદ્રાચાર્યની વાઙ્મય સૂચિ આપવામાં આવી છે. ઉપરાંત શીલભદ્ર સારસ્વત શ્રી મોહનલાલ પટેલ અને પદ્મશ્રી કુમારપાળ દેસાઈના વાઙ્મય વૈભવના પણ દર્શન કરાવવામાં આવ્યા છે.

ગ્રંથના આવકારમાં કુલપતિશ્રીના વિધાનો દૃષ્ટવ્ય બની રહે છે : ''યુનિવર્સિટીના નામ સાથે કલિકાળસર્વજ્ઞ આચાર્ય મુનિભગવંત શ્રી હેમચંદ્રાચાર્યનું નામ જોડાયેલું છે ત્યારે સદર વિષયનું ઊંડું અધ્યયન સમગ્ર યુનિવર્સિટી પરિવારને વિશેષ લાભપ્રદ બની રહેશે.'' આવો આપણે સૌ કુલપતિ સાહેબની અપેક્ષાઓને પૂર્ણ કરીએ અને મુનિશ્રીના વાઙ્મય વૈભવના વાચન–મનનથી પુષ્ટ થઇએ એ જ અભ્યર્થના.

**ડૉ. કનકબાળા જાની**
કા. યુનિવર્સિટી લાઈબ્રેરિયન

## સબરસ

ભક્ત : ગુરુદેવ, મારા દોષો કેવી રીતે જાણું?
ગુરુ : ખૂબ જ સરળ છે. તમારી પત્નિનો એક દોષ તેને જણાવો, તે તમારા અને તમારા પરિવારના બધાના દોષ ગણાવી દેશે.


HNGU
HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

**Hemchandracharya North Gujarat University, Patan**
P.B.21, University Road, Patan-384265, Tel: +91-2766-222744, 220932, Fax: +91 - 2766-231917, Visit us at : www.ngu.ac.in

**Editor :** **Dr. Kanakbala Jani** (I/c University Librarian), **Dr. Chanduji Thakor**
**Published by : Dr. D.M.Patel,** I/c Registrar
Design by : Bhaskar Goswami
Printed by : **Vinod Printery,** Nr. Three Gate, **Patan.** • Mo. 9898576011

R.N.I. No. 48820/90, Valid up to 31-12-2020, Posting Reg. No. G/PTN/42, Office of Posting : PATAN H.P.O.